PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૯૫/કવા–૦૨/૧૬–૧૭/ ૬૫૭૮ તા. ૨૧/૧૦/૧૬

રજી. એડી પત્ર

પ્રતિ,
સુલેમાન ઉસ્માન કુરેશી,
ઘર નંબર: ૦૬–૦૩–૧૯,
ભાવના ડેરી વાળી શેરી મા,,
એસ.વિ.પી.રોડ,
લીબર્ટી રોડ,
પોરબંદર –૩૬૦૫૭૫
મો: ૯૯૭૯૦ ૯૮૫૦૫

વિષય :–વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૮–૦૯–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૯૫/કવા–૦૨/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૮)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી , પોરબંદર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, કીર્તીમંદાર પેટા વિભાગીય કચેરી, પોરબંદર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No:: 06 / A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૯૫/કવા–૦૨/૧૬–૧૭ | કમિટિ મીટીગ તા.૨૬–૧૦–૧૬ | સ્થળ :પોરબંદર

પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :

અરજદાર (ફરીયાદી) : નામઃ સુલેમાન ઉસ્માન કુરેશી,ગામઃ પોરબંદર,

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

## વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : કીર્તીમંદીર પેટા વિભાગીય કચેરી, પોરબંદર (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી , પોરબંદર)

રજુઆત કરનાર :એચ.આર.લાખાણી, કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી , પોરબંદર

## : હુકમ :

ફરીયાદ : વીજબીલ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંઘક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના કનેકશન નં. ૩૫૧૧૦/૦૨૧૬૫/૧ વાળા સ્થળ પર, '' એલ.ઈ.ડી. '' લેમ્પ લગાડી અને તે મુજબ કરકસર યુકત વીજભાર જોડેલ છે. પીજીવીસીએલ કંપની ની જાહેરાતો મા જણાવ્યા મુજબ, આમ કરવાથી, મહદઅંશે વીજબચત થાય છે. પરંતુ, તેઓ શ્રી ના જોડાણ મા કોઈ વીજબચત થતી ન હોય, બીલીગ યુનીટ મા કોઈ ફેરફાર થતો ન હોય, વધુ યુનીટ નુ વીજબીલ જ મળતુ હોય, આ બાબતે, સ્પષ્ટતા મેળવવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨.૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંઘક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૨ | ફરીયાદી અરજદાર શ્રી ની મુદદા નં.૧ હેઠળ વર્ણવ્યા મુજબ ની વિગતે ની ફરીયાદ અરજી ના અનુસંઘાને, સબંઘક પેટા વિભાગીય કચેરી ના નાયબ ઈજનેર તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ના કનેકશન નં. ૩૫૧૧૦/૦૨૧૬૫/૧ વાળા સ્થળ ની અગાઉ રૂબરૂ મુલાકાત લઈ, અને જોડાણ ના મીટર ની એકયુરેસી ની ચકાસણી, જે ફરીયાદી અરજદાર શ્રી ની હાજરી મા કરાયેલ હતી. આ સમયે, મીટર, જોડાણ મા જોડાયેલ વીજભાર અન્વયે થતા વીજવપરાશી યુનીટ ની ખરી નોંઘણી કરતુ હોવાની બાબત જણાયેલ હતી. તેમજ, સદર જોડાણ ના, અગાઉ ના ૦૨ વર્ષ પહેલાના બીલીગ ઈતીહાસ મુજબ, અપાયેલ નિયમીત વીજબીલો પણ, જોડાણ મા જોડાયેલ વીજભાર અન્વયે થતા વીજવપરાશી યુનીટ ની યોગ્ય નોંઘણી હેઠળ ના જ વીજબીલો અપાયેલ હોવાની બાબત પણ, ફરીયાદી અરજદાર શ્રી ની સમજણ મા આપી અને પૂર્તતા કરાયેલ હતી. આમ, જોડાણ નુ મીટર જે કઈ યુનીટ નોંઘે છે, તે યુનીટ ની નોંઘણી, જે જોડાણ મા જોડાયેલ અને વાસ્તવિક વીજવપરાશી એવા વીજભાર અન્વયે ના વીજવપરાશી યુનીટ મુજબ ના જ હોવાની સંતોષજનક રીતે ફરીયાદી અરજદાર શ્રી ને, પીજીવીસીએલ તરફથી ખાત્રી આપવામા આવેલ હતી. ફરીયાદી અરજદાર શ્રી એ સદર તમામ બાબતો યોગ્ય હોવાનો સ્વીકાર કરી, અને તે મુજબ તેમના જોડાણ ના મીટર મા નોંઘાતા વીજ યુનીટ, જે યોગ્ય હોય, અને તે મુજબ નુ જ બીલીગ થતુ હોવાની બાબત માન્ય રાખી, અને હવે તેઓ શ્રી ને, સદર બાબતે પીજીવીસીએલ સમક્ષ કોઈ ફરીયાદ રહેતી ન હોવાનો, ફરીયાદી અરજદાર શ્રી એ, તા.૨૨–૧૦–૧૬ નો લેખીત સંમંતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરી આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ની મુદદા નં.૧ હેઠળ ની ફરીયાદ પરત્વે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ૨ હેઠળ ની વિગતે ની કાર્યવાહી, જે અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ સંપન્ન થતા, અરજદાર શ્રી ની ફરીયાદ નુ, અરજદાર શ્રી ના તા.૨૨–૧૦–૧૬ ના લેખીત સંમંતીપત્ર હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

<u>મુદદા નં.–૪ :</u> **<u>હુકમ</u>**

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ની ફરીયાદ નુ, અરજદાર શ્રી ના તા.૨૨–૧૦–૧૬ ના લેખીત સંમંતીપત્ર હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
( એમ.એન. ઓઝા )
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

(ટી.બી.ભીમાણી)
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫''** સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો **નાણાંકીય** બાબત સબંધક હોય તો, સદર **રકમના ૩૩% રકમ** પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..